દાખલ તારીખ : ૧૭/૧૧/૨૦૨૫
રજી. તારીખ : ૧૭/૧૧/૨૦૨૫
ફેંસલ તારીખ : ૦૩/૦૪/૨૦૨૬
સમયઃ વર્ષ–૦૦, માસ–૦૪,દિવસ–૧૭

આંક : ૧૫

## ફોર્મ–એ

| |
|---|
| **ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટમાં, મેંદરડા**<br><br>**સમક્ષ : કૃષ્ણ સિંહ રાઠોર**<br>**ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ**<br><br>**જજમેન્ટ તારીખઃ ૦૩/૦૪/૨૦૨૬**<br><br>**ફોજદારી કેસ નંબર : ૪૩૮/૨૦૨૫**<br>**એફ.આઈ.આર.નં.૧૧૨૦૩૦૩૯૨૫૦૨૯૧/૨૦૨૫**<br>**પોલીસ સ્ટેશન : મેંદરડા.** |

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક | |
| આરોપી પક્ષ | ૧. | અજયભાઈ ઉર્ફે લંગડી અમૃતભાઈ ચૌહાણ, રહે. દાત્રાણા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એન.આર.ગુજરીયા | |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૧૦/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૪/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| સજા હુમની તારીખ, જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો બી.એન.એસ.એસ. –૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અજયભાઈ ઉર્ફે લંગડી અમૃતભાઈ ચૌહાણ | ૧૪/૮/૨૫ | ૧૪/૮/૨૫ | પ્રોહી. કલમ–૬૫ (એ)(એ) મુજબ | નિર્દોષ | – | – |

## **ફોર્મ–સી**

### **:: સાહેદોનુ લીસ્ટ ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| આંક | વિગત |
|---|---|
| ૦૬ | પંચ સાહેદ જીતેષભાઈ દિનેશભાઈ કુંભાણીની જુબાની |
| ૦૮ | ફરીયાદી/ત.ક.અ. દેવાભાઈ નથુભાઈ ગળચરની જુબાની. |
| ૧૪ | પંચ સાહેદ પંકજભાઈ મુળજીભાઈ બગડાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.
ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.
ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

### **:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

| આંક | વિગત |
|---|---|
| ૦૭ | અસલ પંચનામું |
| ૦૯ | અસલ ફરીયાદ. |
| ૧૦ | ફરિયાદનો ફોરવર્ડીગ લેટર |
| ૧૧ | રવાનગી નોંધ |
| ૧૨ | એફ.એસ.એલ. પહોંચ |

બ. બચાવ પક્ષ :

ક. ન્યાયાલય :

ડ. ભૌતિક વસ્તુઓ :

## –: ચુ કા દો :–

।૧। ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૮/૨૦૨૫ ના કલાક ૨૦–૦૦ વાગ્યાના વખતે મેંદરડા દાત્રાણા રોડ ઉપર પોતાના કબજામાં પ્લા.ની નાની નાની કોથળી નંગ–૧૨ આશરે દેશી દારૂ લીટર–૦૩(ત્રણ) કિ.રૂા.૬૦૦/– નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી હાજર મળી આવી પકડાઈ જઈ, પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરૂધ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત મેંદરડા પો.સ્ટે.માં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

।૨। આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીને પોલીસ પેપર્સની તમામ નકલો બી.એન.એસ.એસ. કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક–૩ થી આરોપી સામે તહોમતનામું તથા આંક–૪ થી આરોપીની પ્લી નોંધવામા આવેલ, આરોપીએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

।૩। ફરિયાદ પક્ષે આંક–૦૬ થી તપાસેલ પંચ સાહેદ જીતેષભાઈ દિનેશભાઈ કુંભાણી તથા આંક–૧૪ થી તપાસેલ પંચ સાહેદ પંકજભાઈ મુળજીભાઈ બગડા તેઓ પોલીસ સાથે કોઈ પ્રોહી. રેઈડમાં ગયેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવી રેઈડ અંગેના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૦૭ થી રજુ કરે છે. સદર પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. સદર પંચ સાહેદોને આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી તથા પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલાનું સ્વીકારેલ છે.

।૪। ફરીયાદ પક્ષે ફરીયાદી/ત.ક.અ. દેવાભાઈ નથુભાઈ ગળચરને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે તેઓએ ફરીયાદ હકીકતોને

સમર્થનકારી પુરાવો આપેલ છે અને ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક–૦૯ થી રજુ કરેલ છે. આ ગુનાની તપાસ પણ સદર ફરીયાદીએ જ કરેલ છે. આ સાહેદે આંક–૧૦ થી ફોરવર્ડીગ લેટર, આંક–૧૧ થી રવાનગી પત્રક, આંક–૧૨ થી એફ.એસ.એલ. પહોંચ રજુ કરેલ છે. આ સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, રેઈડ વાળો વિસ્તાર એ જાહેર રસ્તો છે અને લોકો અને વાહનોની ત્યાં સતત અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન રેકર્ડ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ફરિયાદમાં પંચોના નામો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીંગમાં કયુ વાહન લઈને ગયેલ તે ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ.માં મોકલેલ મુદ્દામાલનો અહેવાલ આજદિન સુધી આવેલ નથી. એ વાત ખરી છે કે, ઈસમને મુદ્દામાલ સાથે પકડેલ ત્યારે અમો અને પંચના માણસો સિવાય અન્ય કોઈ હાજર ન હતુ.

।૫। આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદી/ત.ક.અ.એ તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પંચોના જણાવ્યા મુજબ પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેમજ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદમાં પંચોના નામ લખાવેલ ન હોવાનું સ્વીકારેલ હોય તેથી પંચોને સાથે રાખી રેઈડ કરેલાનુ માની શકાય નહી. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે પંચો સીવાય કોઈ તટસ્થ સાહેદોના નીવેદનો લીધેલ નથી. મુદ્દામાલ દારૂ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓ રૂબરૂ કોઈ પ્રોહી.નો મુદ્દામાલ પકડેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવે છે. હાલના ગુનાના કામે ફરીયાદી તથા ત.ક.અ. એક જ વ્યકિત છે. જયારે ફરીયાદી અને ઈન્વેસ્ટીગેશન ઓફીસર બન્ને એક જ વ્યકિત હોય તો તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધના કેસના કામે તટસ્થ અને સાચી તપાસ થયેલી છે તેવુ માની શકાય નહીં. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહી. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી નિ ર્ણ ય :–**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ આ કામના આરોપી અજયભાઈ ઉર્ફે લંગડી અમૃતભાઈ ચૌહાણ, રહે. દાત્રાણા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૦૩ જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા,
તા.૦૩/૦૪/૨૦૨૬

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮